# ધોરણ ૧૦ પછી શું? Next is What !!!

**ધોરણ ૧૦ પછી શું?** એ જેટલો મહત્વનો પ્રશ્ન છે તેટલો જ મૂંજવતો પ્રશ્ન છે. તેના આધારે કારકિર્દીનો રસ્તો નક્કી થાય છે. તટસ્થ ભાવે, ગાડરિયા પ્રવાહમાં તણાયા વગર, શાંત ચિતે બધી હકીકત જાણી સમજી અને વિચારી નિર્ણય કરવો જોઇએ કારણકે આ વન-વે છે.

## વિજ્ઞાનપ્રવાહ (Science)

વર્ષો સુધી માત્ર હોંશિયાર વિદ્યાર્થીઓ જ વિજ્ઞાનપ્રવાહની પસંદગી કરતા હતા. હવે વિકસતા ભારતમાં, અભ્યાસ માટેની પાયાની સગવડો અને વિપુલ તકો ઉપલબ્ધ છે ત્યારે, કોઇપણ વિદ્યાર્થી મહેનત કરીને વિજ્ઞાનપ્રવાહમાં સારી કારકિર્દી બનાવી શકે છે. ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓ માટે પસંદગીના બે વિકલ્પો છે, મેડીકલ/પેરામેડીકલ (ગ્રુપ-B) અને/અથવા એન્જિનિયરિંગ (ગ્રુપ-A).

## ગ્રુપ-B (મેડીકલ/પેરામેડીકલ)

ધો. ૧૨ પછી ગ્રુપ-B ના વિદ્યાર્થીઓને મેડીકલ/પેરામેડીકલમાં એડમિશન મળે છે. વિદ્યાર્થીઓની મુખ્ય પસંદગી એમ.બી.બી.એસ., આયુર્વેદ અને ડેન્ટલ રહેલી છે. ત્યારબાદ હોમિયોપેથી, ફીઝીયોથેરેપી, નર્સિંગ વગેરેને પસંદગી આપે છે. મેડીકલ અને પેરામેડીકલની ગુજરાતમાં ૯૯૫૦ બેઠકો છે (ટેબલ ૧). જેમાંથી ૨૬૧૫ સરકારી કોલેજોની બેઠકો અને ૭૩૩૫ સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની બેઠકો છે.

### ટેબલ ૧ - ગુજરાતમાં આવેલી મેડીકલ/પેરામેડીકલ બેઠકોની માહિતી

| પસંદગી ક્રમ | કોર્ષ | કુલ બેઠકો | સરકારી | | સેલ્ફ ફાઇનાન્સ (SFI) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | બેઠકો | છેલ્લા મેરિટ નંબર# | બેઠકો | છેલ્લા મેરિટ નંબર# | SFI વાર્ષિક ફી (₹) |
| ૧ | એમ.બી.બી.એસ. | ૨૭૮૦ | ૧૦૮૦ | ૫૮૨ | ૧૭૦૦ | ૧૫૬૨ | ૪,૦૦,૦૦૦/- |
| ૨ | આયુર્વેદીક* | ૩૮૫ | ૨૩૫ | ૨૩૭૦ | ૧૫૦ | ૩૮૮૨ | ૨,૦૦,૦૦૦/- |
| ૩ | ડેન્ટલ | ૧૦૯૫ | ૧૪૦ | ૧૯૦૪ | ૯૫૫ | ૫૪૭૦ | ૩,૦૦,૦૦૦/- |
| ૪ | હોમિયોપેથી | ૧૬૨૫ | ૪૦૦ | ૫૨૭૮ | ૧૨૨૫ | ૭૯૭૨ | ૫૦,૦૦૦/- |
| ૫ | નર્સિંગ | ૨૧૯૫ | ૩૯૦ | ૭૯૮૪ | ૧૮૦૫ | ખાલી રહેલ | ૭૦,૦૦૦/- |
| | ફિઝીયોથેરાપી | ૧૬૮૦ | ૩૬૦ | ૮૨૨૫ | ૧૩૨૦ | ૨૦૨૯૬ | ૭૫,૦૦૦/- |
| ૬ | ઓપ્ટોમેટ્રી | ૧૨૫ | - | - | ૧૨૫ | ખાલી રહેલ | ૫૦,૦૦૦/- |
| | ઓર્થોટીક્સ | ૧૦ | ૧૦ | ૮૭૨૪ | - | - | - |
| | ઓડીયોલોજી | ૨૫ | - | - | ૨૫ | ખાલી રહેલ | ૩૫,૦૦૦/- |
| | નેચરોપેથી | ૩૦ | - | - | ૩૦ | ખાલી રહેલ | ૫૦,૦૦૦/- |
| | **કુલ બેઠકો** | ૯૯૫૦ | ૨૬૧૫ | - | ૭૩૩૫ | - | - |

# એડમિશન ૨૦૧૪ - ઓપન કેટેગરી

* આયુર્વેદીકમાં એડમિશન લેવા માટે ધો-૧૦ અથવા ધો-૧૨માં સંસ્કૃત વિષય ફરજીયાત છે.

૨૦૧૬ માં ગ્રુપ-Bમાં ૬૬,૦૦૦ વિદ્યાર્થીઓ છે. જો **સરકારી કોલેજો**માં એમ.બી.બી.એસ.માં એડમિશન લેવું હોય તો પ્રથમ ૧ થી ૫૦૦માં મેરિટ નંબર આવવો અનિવાર્ય છે. ટકાવારીમાં ૯૨% અને પર્સનટાઇલ (PR) ૯૯.૨૫ કરતા વધારે આવે તે જરૂરી છે. સરકારી ડેન્ટલ કોલેજ માટે પ્રથમ ૧૯૦૦માં (PR ૯૭.૧૦) અને આયુર્વેદીક માટે પ્રથમ ૨૩૦૦માં (PR ૯૬.૧૫) મેરિટ નંબર આવવો અનિવાર્ય છે. જો સરકારી કોલેજમાં એડમિશન ના મળે તો સેલ્ફ ફાઇનાન્સ કોલેજનો વિકલ્પ છે પરંતુ તેમાં પણ બેઠકો મર્યાદિત છે.

**સેલ્ફ ફાઈનાન્સ કોલેજ (SFI)** માં એમ.બી.બી.એસ. માં એડમિશન માટે પ્રથમ ૧૫૦૦માં, આયુર્વેદીક માટે પ્રથમ ૩૫૦૦માં અને ડેન્ટલ માટે પ્રથમ ૫૦૦૦માં મેરિટ નંબર આવવો અનિવાર્ય છે. એમ.બી.બી.એસ. માટે PR ૯૭.૭૫ કરતા વધારે, આયુર્વેદીક માટે PR ૯૪.૭૦ કરતા વધારે અને ડેન્ટલ માટે PR ૯૨.૫૦ કરતા વધારે આવે તે અનિવાર્ય છે. આ ઉપરાંત સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં ફી ધોરણ ઘણુ ઉંચુ છે જે બધાને પરવડે તેવુ નથી. એમ.બી.બી.એસ. ની અંદાજીત વાર્ષિક ફી રૂા. ૪,૦૦,૦૦૦/-, આયુર્વેદીક ની રૂા.૨,૦૦,૦૦૦/- અને ડેન્ટલ ની રૂા.૩,૦૦,૦૦૦/- છે.

**ધોરણ ૧૦ની સાથે સરખામણી કરીએ તો, ધોરણ ૧૦માં અંદાજીત ૧૦,૦૦,૦૦૦ વિદ્યાર્થીઓ હોય છે. ૯૯ કરતા વધારે PR ધરાવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦,૦૦૦ જેટલી હોય છે. જો કોઇ વિદ્યાર્થીના PR ૯૯ હોય તો આખા ગુજરાતમાં વિદ્યાર્થીનો નંબર ૧૦,૦૦૦ સુધીમાં આવે છે અને ધોરણ ૧૨ પછી એમ.બી.બી.એસ.માં એડમિશન મળે તેની સંભાવના ૩૩% જેટલી જ રહેલી છે.**

ટૂંકમાં કહી શકાય કે, ગ્રુપ-Bમાં વિદ્યાર્થીઓની સંખ્યા કરતા બેઠકોની સંખ્યા ઘણી ઓછી છે. પરિણામે મોટા ભાગના વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી જાય છે. અંદાજે માત્ર ૩,૦૦૦ વિદ્યાર્થીઓને જ સારી તબીબી શાખામાં એડમિશન મળી શકે છે અને બાકીના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યો કે વિદેશમાં ડોનેશનથી એડમિશન લેવુ પડે છે.

ગ્રુપ-Bના વિદ્યાર્થીઓને B. Sc.માં ફીઝીક્સ/મેથ્સ જેવા વિષયો મળી શકતા નથી. ઘણા બધા વિદ્યાર્થીઓને B. Sc.માં પણ એડમિશન મળી શકતુ નથી. આથી ધો.૧૨ માં વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કર્યા બાદ, કોમર્સ કે આર્ટસ તરફ વળવુ પડે છે અથવા અભ્યાસ પડતો મુકવો પડે છે.

## ગ્રુપ-A (એન્જિનિયરિંગ)

મેન્યુફેક્ચરીંગ (production) કોઇપણ દેશના વિકાસ માટેની મુળભુત જરૂરીયાત છે. ભારતનો વિકાસ અત્યારે ખૂબ જ ઝડપથી થઇ રહ્યો છે તેથી ઉદ્યોગોમાં પુષ્કળ પ્રમાણમાં નોકરીની તકો રહેલી છે. જેમાં મુખ્યત્વે એન્જીનીયરની જરૂર પડે છે. કોઇપણ ક્ષેત્રની આધારશિલા એન્જિનિયરિંગ ક્ષેત્ર છે. દા.ત. મેડિકલ ક્ષેત્રમાં CT Scan & MRI ના મશીનોથી હજારો પ્રકારના રોગનુ નિદાન થાય છે પણ આ મશીનરીની બનાવટ એન્જિનિયરિંગ ક્ષેત્ર દ્વારા જ કરવામાં આવે છે.

ટેબલ ૨ માં દર્શાવ્યા પ્રમાણે રાષ્ટ્રીય સ્તરે અને ગુજરાતમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરવાની વિશાળ તકો ઉપલબ્ધ છે. રાષ્ટ્રીય સ્તર પર આઇ.આઇ.ટી. (I.I.T.), એન.આઇ.ટી.(N.I.T.) અને અન્ય સારી કોલેજોમાં ૫૦,૦૦૦ કરતા વધારે બેઠકો છે. જેમાં દર વર્ષે ગુજરાતમાંથી અંદાજીત ૧,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ એડમિશન મેળવે છે. ગુજરાતમાં એન્જિનિયરિંગની ૭૨,૦૦૦ કરતા પણ વધારે બેઠકો છે. જેમાંની ૧૧,૦૦૦ સરકારી કોલેજોની બેઠકો છે અને ૩,૫૦૦ જેટલી બેઠકો SFIમાં TFWS (ટ્યુશન ફી માફી યોજના)ની છે જેમાં ફી ભરવાની હોતી નથી. આમ અંદાજીત ૧૪,૫૦૦ જેટલી બેઠકોમાં વિદ્યાર્થીઓ નહીવત્ત ફીમાં અભ્યાસ કરી શકે છે. આશરે ૭૦,૦૦૦ વિદ્યાર્થીઓ માટે ૭૫,૦૦૦ જેટલી બેઠકો ઉપલબ્ધ હોવાથી એડમિશન ન મળવાનો કોઇ જ પ્રશ્ન ઉદ્ભવતો નથી.

### ટેબલ ૨ - એન્જિનિયરિંગ બેઠકોની માહિતી

| | સંસ્થાનો પ્રકાર | બેઠકો | અંદાજીત વાર્ષિક ફી | ગુજરાતમાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની અંદાજીત સંખ્યા |
|---|---|---|---|---|
| રાષ્ટ્રિય સ્તરે | IIT | ૧૦,૦૦૦ | ૫૦,૦૦૦/- | ૧૦૦ |
| | NIT | ૩૦,૦૦૦ | ૭૦,૦૦૦/- | ૭૫૦ |
| રાજ્ય સ્તરે | GOV\GIA | ૧૧,૦૦૦ | ૧,૫૦૦/- | Nirma, DAIICT, PDPU & IITRAM ની ૫૦% બેઠકો ને બાદ કરતા બધી બેઠકો માત્ર ગુજરાતનાવિદ્યાર્થીઓ માટે છે. |
| | SFI TFWS | ૩,૫૦૦ | ૦ | |
| | SFI | ૬૧,૧૧૫ | ૬૦,૦૦૦/- થી ૧,૨૦,૦૦૦/- | |

સારી એન્જિનિયરિંગ કોલેજોમાં કેમ્પસ પ્લેસમેન્ટનું પ્રમાણ ઘણું ઉંચુ હોય છે. કેમ્પસ પ્લેસમેન્ટમાં સીલેક્ટ ન થનાર વિદ્યાર્થીના પગાર ધોરણ શરૂઆતના તબક્કામાં મધ્યમ હોય છે પરંતુ થોડો અનુભવ તેમજ જે-તે ક્ષેત્રમાં કૌશલ્ય પ્રાપ્ત કર્યા બાદ પગાર ધોરણ ખૂબ જ ઝડપથી વધે છે. ઉદ્યોગોમાં સ્કીલ્ડ એન્જિનિયરની ખૂબ જ ડીમાન્ડ હોવાથી નવી સારી-સારી તકો પણ મળતી રહે છે. એન્જિનિયરિંગ પછી નોકરી ઉપરાંત બિઝનેસ અને કન્સલટન્સી પણ કરી શકાય છે જેમા અગણિત તકો રહેલી છે.

એન્જિનિયરિંગમાં બ્રાન્ચની વિવિધતા ઘણી બધી છે, જેવી કે સિવિલ, મિકેનિકલ, કમ્પ્યુટર, ઇલેક્ટ્રીકલ, ઇ.સી. વગેરે મળીને કુલ ૫૦ થી પણ વધુ બ્રાન્ચ છે. વિદ્યાર્થીને પોતાની રૂચિ અને કુટુંબની પરિસ્થિતિ પ્રમાણે બ્રાન્ચ પસંદ કરવાની તકો વિપુલ પ્રમાણમાં મળે છે.

એન્જિનિયરિંગમાં મુખ્યત્વે લોજીકલ, એનાલીટીકલ અને રીઝનીંગ સ્કીલ ડેવલોપ થાય છે તેથી વિદ્યાર્થી IAS, IPS, UPSC, GPSC વગેરે જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી સરળતાથી અને સફળતાપુર્વક કરી શકે છે.

ગ્રુપ-A ના વિદ્યાર્થીઓ B. Sc. માં બાયોલોજી સિવાયના બધા વિષયોમાં એડમિશન લઇ શકે છે.

## ગ્રુપ A-B સરખામણી

ચાર્ટ - ૧




- ચાર્ટ-૧માં દર્શાવ્યા પ્રમાણે, ગ્રુપ-B માં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ ઝડપથી વધી છે પણ બેઠકોમાં વધારો ઝડપથી થયો નથી. આથી એડમિશનમાં ખુબ જ સ્પર્ધા થાય છે.
- ગ્રુપ-A માં વિદ્યાર્થીઓની સંખ્યા સ્થિર છે. પણ બેઠકો સતત વધતી રહેલી હોવાથી અમુક બેઠકો ખાલી રહે છે.

ટેબલ ૩

| ગ્રુપ | એ (A) | બી (B) |
|---|---|---|
| ૨૦૧૬માં પાસ થનારા અંદાજીત વિદ્યાર્થીઓ | ૭૧,૭૯૮ | ૬૬,૨૨૭ |
| મુખ્ય કોર્સ | એન્જિનિયરિંગ | મેડીકલ/પેરામેડીકલ |
| મુખ્ય કોર્સમાં બેઠકો | ૭૫,૦૦૦ | ૧૦,૦૦૦ |
| બી.એસ.સી.માં અંદાજીત બેઠકો | ૨૦,૦૦૦ | ૧૯,૦૦૦ |
| કુલ બેઠકો | ૯૫,૦૦૦ | ૨૯,૦૦૦ |
| એડમિશનથી વંચિત રહી જતા વિદ્યાર્થીઓ | ૦ | ૩૭,૨૨૭ (અંદાજીત ૫૬% વિદ્યાર્થીઓ) |

- ગ્રુપ-Bમાં ૨૦૧૬માં અંદાજીત ૩૦,૦૦૦ થી ૩૫,૦૦૦ ગર્લ્સ છે. એમાંથી ૫૦%ને પોતાના શહેર કે ગુજરાતના કોઇ પણ શહેરમાં, મેડીકલ કે બી.એસ.સી.માં એડમિશન મળવાની શક્યતા જ નથી.

ગર્લ્સ માટે સારી તકો ગ્રુપ-B કરતા ગ્રુપ-A માં વધારે છે. ખાસ કરીને કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં. કમ્પ્યુટર એન્જિનિયરિંગ સોફ્ટ બ્રાન્ચ છે જેમાં ઓફીસ વર્ક જ હોય છે, કોઇપણ શહેરમાં સરળતાથી સારી નોકરી મળે છે અને પગારમાં પણ ઝડપી વધારો થાય છે. કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં અભ્યાસ કરેલી ગર્લ્સ, ઓનલાઇન અને ઇન્ટરનેટના જમાના સાથે સારી રીતે તાલમેલ મેળવી શકે છે.

### ટેબલ ૪ - ગ્રુપ-A અને ગ્રુપ-B ની સરખામણી

| ગ્રુપ | એ (A) | બી (B) |
|---|---|---|
| સારા કોર્સ અને કોલેજોની બેઠકો | ૩૫,૦૦૦ | ૨,૫૦૦ |
| એડમિશન | સરળતાથી | ખૂબ જ મુશ્કેલ |
| માસ્ટર ડિગ્રી | જરૂરી નથી | અનિવાર્ય છે |
| કારકિર્દીની તકો | મોટા ભાગના વિદ્યાર્થીઓ માટે સારી | ૫% માટે ખૂબ સારી પણ બાકીના માટે મુશ્કેલી |

એકંદરે જોઇએ તો એન્જિનિયરિંગમાં એડમિશન, ગુણવત્તાભર શિક્ષણ અને નોકરીની વિપૂલ તકો રહેલી છે.

## સામાન્ય પ્રવાહ

**કોમર્સ (વાણિજ્ય ) :** જેમણે ફાઇનાન્સ કે એકાઉન્ટીંગ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવી હોય તેમણે કોમર્સ વિદ્યાશાખાની પસંદગી કરવી જોઇએ. કોમર્સમાં CA, CS, CFA જેવા સારા કોર્સ છે પરંતુ આ કોર્સની પરીક્ષા ખુબ જ અઘરી હોય છે અને માત્ર ૧-૨% વિદ્યાર્થીઓ જ પાસ કરી શકે છે. બાકીના વિદ્યાર્થીઓ કલાર્કની કેરિયર બનાવી શકે છે.

**આર્ટસ (કલા) :** કલા શોખનો વિષય છે. જો વિદ્યાર્થીને મન થી જ કલા પ્રત્યે રૂચિ અને આવડત હોય તો આર્ટસ પસંદ કરી શકાય છે પણ **તેને મુખ્ય વ્યવસાય બનાવી તેમાંથી નાણાકીય આવક મેળવવી ખૂબ જ મુશ્કેલ છે.** આર્ટસમાં મુખ્ય ત્રણ વિભાગો છે.

(૧) ભાષા (Languages) : ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી વગેરે

(૨) સામાજીક વિજ્ઞાન (Social Science) : ઇતિહાસ, ભૂગોળ, રાજકીય વિજ્ઞાન વગેરે...

(૩) પરફોર્મિંગ આર્ટસ (Performing Arts): અભિનય, નૃત્ય, ગાયન, શિલ્પ વગેરે...

## ડિપ્લોમા એન્જિનિયરિંગ

જે વિદ્યાર્થીઓ ટૂંકો અભ્યાસ કરવા ઇચ્છતા હોય અને નાની ઉંમરે નોકરી કરવા ઇચ્છતા હોય તેઓ માટે ડિપ્લોમા એન્જિનિયરિંગ નો કોર્સ ઉત્તમ છે. આ કોર્સ ૩ વર્ષનો જ છે અને SFI કોલેજની અંદાજીત વાર્ષિક ફી રૂા. ૪૦,૦૦૦/- અને સરકારી કોલેજની વાર્ષિક ફી રૂા. ૧,૦૦૦/- છે. ડિપ્લોમાનો કોર્સ પૂર્ણ કર્યા પછી, ૮,૦૦૦ થી ૧૨,૦૦૦ના પગાર ધોરણની નોકરી મળે છે અને સમય જતા આગળ વધવાની અસંખ્ય તકો પડેલી છે. મોટી કંપનીઓ જેવી કે રીલાયન્સ, ટાટા, સરકારી ખાતાઓ, રેલ્વે વગેરેમાં હજારોની સંખ્યામાં ડિપ્લોમા એન્જિનિયરની જરૂર હોય છે.

**વિદ્યાર્થીઓ પોતાની રૂચિ અને વાસ્તવિક પરિસ્થિતિને જાણીને ગ્રુપ-A કે ગ્રુપ-B ની પસંદગી કરે તે ઇચ્છનીય છે.**

Dedicated Faculty, Committed Education
Darshan Institute of Engineering & Technology
DIPLOMA | DEGREE | MASTER

City Office: Royal Park, Street No. 8, Nr. Indira Circle, 150 Ft. Ring Road, Rajkot.
College Campus: Rajkot Morbi Highway, Rajkot – 363650.
p: 02822-293010 m: 98983 24788
e: vp@darshan.ac.in w: www.darshan.ac.in